**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૭ ટકા

# રક્ષાબંધન પર્વને વધાવવા મીઠાઈઓનું આગમન

## ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનું પ્રતિક રક્ષાબંધન અવનવી મીઠાઈઓ સાથે ઉજવાશે






ગાંધીનગર, તા.૧૮

પર્વ હોય કે પ્રસંગ, દરેક પ્રસંગમાં મીઠાઈની હાજરી તો અવશ્ય જોવા મળે છે. મીઠાઈ વડે જયાં સુધી મોઢું મીઠું ના કરો ત્યાં સુધી પ્રસંગનો સ્વાદ પણ ફિક્કો પડે છે. આગામી રવિવારે રક્ષાબંધનનો પર્વ છે અને આ પર્વ દરમિયાન મીઠાઈની ભરપુર માંગ રહેતી હોવાથી દુકાનોમાં અવનવી મીઠાઈઓ બનાવવામાં આવી રહી છે.

રક્ષાબંધનમાં બહેનો દ્વારા રાખડીની ખરીદીની સાથે સાથે મીઠાઈની પણ ખરીદી કરવામાં આવે છે. બહેનો પોતાના ભાઈઓને રાખડી બાંધીને અવનવી મીઠાઈઓ, ચોકલેટસ, સ્વીટસ વગેરે ખવડાવીને મોઢું મીઠું કરે છે. જેમાં મોટા ભાગે પેંડાની વિવિધ વેરાઈટીની માંગ વધુ જોવા મળી રહી છે. જો કે સમયની સાથે સાથે દરેક ચીજવસ્તુઓમાં બદલાવ જોવા મળતો હોય છે. જેને પગલે બજારમાં હવે વિવિધ ડ્રાયફ્રુટની મીઠાઈની સાથે સાથે ચોકલેટના ગીફટ પેકસની પણ માંગ વધી રહી છે. જેને લઈને વિવિધ કંપનીઓ દ્વારા રક્ષાબંધન સ્પેશિયલ ગીફટ પેકસમાં વિવિધ વેરાઈટીની ચોકલેટો મુકી બજારમાં વેચાણ અર્થે મુકવામાં આવી છે. હવે ટ્રેન્ડ બદલાતા મીઠાઈની જગ્યાએ વિવિધ વેરાઈટીની ચોકલેટની ખરીદી કરી પર્વની ઉજવણી કરી રહ્યા છે. જેને ધ્યાનમાં લઈને વિવિધ કંપનીઓ દ્વારા વિવિધ પ્રકારના રૂ. ૫૦થી માંડીને રૂ. ૧૫૦૦ સુધીના ચોકલેટના ગીફટ પેકસ બજારમાં વેચાણ અર્થે મુકવામાં આવ્યા છે.

| મીઠાઈ | ભાવ/કિલો |
|---|---|
| પેંડા | ૨૮૦ થી ૬૦૦ |
| બરફી | ૩૮૦ થી ૪૮૦ |
| ફ્રુટ મીઠાઈ | ૬૦૦ થી ૮૫૦ |
| ડ્રાયફ્રુટ હલવો | ૫૬૦ |
| વિવિધ ચોકલેટના ગીફટ પેકસ | ૫૦ થી ૧૫૦૦ |
| સ્વીટસ | ૧૦૦ થી ૨૦૦૦ |

પહેલાના સમયમાં ગોળ, સાકરથી મો મીઠું કરાવવામાં આવતું હતું, પરંતુ સમય બદલાતા નવા નવા ટ્રેડ સ્વીટસ આવી ગયા છે. ગાંધીનગરની પ્રખ્યાત રાધે સ્વીટસમાં રક્ષાબંધન પર્વ નિમિત્તે અવનવી મીઠાઈઓની વેરાઈટી આવી ગઈ છે. જેમાં સુગરલેસ મીઠાઈઓમાં કાજુકતરી, મોતીચુરના લાડુ, ખજુર રોલ કટ, આલમંડ લોચક, કીવી ડીલાઈટસ, ડ્રાયફ્રુટ ડીલાઈટસ, બ્લુબેરી બાઈટસ ઉપરાંત બકલાવા, અરેબિયન સ્વીટસ, જુદી જુદી વેરાયટીના પેંડા, ગળ્યા ખાજા, ઘેવર, રસમલાઈ, બાસુંદી, રબડી, શ્રીખંડ, મઠો, ચોકલેટ પેકેટસ, હેમ્પર્સ મીઠાઈઓ વગેરે અવનવી સ્વીટસ ઉલબ્ધ છે જેમાં ૧૦૦ રૂપિયાથી ૨૦૦૦ સુધીની સ્વીટસ મળી રહી છે.

ભાઈઓ દ્વારા પર્વની ઉજવણી સમયે બહેનો જયારે મોં મીઠું કરાવે ત્યારે તેઓને ચોકલેટસના ગીફટ પેકસ 'કુછ મીઠા હો જાયે'ના સંવાદ સાથે ગીફટ સ્વરૂપે આપતા હોય છે. આમ, શહેરની વિવિધ સ્વીટસ અને ફરસાણની દુકાનોમાં રક્ષાબંધન પર્વની મીઠાઈઓ સાથે અવનવી વેરાયટીઓ આવતા શહેરીજનો ઉત્સાહપૂર્વક ખરીદી કરી રહ્યા છે.

## જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં શાળા પંચાયતની બિનહરીફ વરણી



ગાંધીનગર, તા.૧૮

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં શાળાના પંચાયતના સભ્યોની વરણી કરાઈ હતી. જેમાં ચૌધરી અનિશા (પ્રમુખ), ચૌધરી માહિ (ઉપપ્રમુખ), ચૌધરી જીગિષા (શિસ્તમંત્રી), ચૌધરી શિખા (શિસ્તમંત્રી), ચૌધરી માહિ (લાઈન મંત્રી), ચૌધરી સિના (લાઈન મંત્રી), ચૌધરી નિધિ (રમત ગમત મંત્રી), ચૌહાણ કેયા (રમતગમત મંત્રી), ચૌધરી જીયા અને ચૌધરી પ્રિયા (પ્રવાસન મંત્રી), ચૌધરી ઈષા અને ચૌધરી કિવન (મનોરંજનમંત્રી) સોલંકી જાનવી અને પાધી પ્રિયા (ઊર્જા મંત્રી), ચૌધરી ચંદ્રિકા અને ચૌધરી પ્રતિક્ષા (સફાઈ મંત્રી), ચૌધરી રિધ્ધી અને તેલી માનસી (પુસ્તકાલય મંત્રી) તરીકે ચૂંટાયા હતા. શાળાના આચાર્ય રમીલાબેન એસ. ચૌધરી તેમજ શાળા પરિવારે વિદ્યાર્થીઓને ચૂંટણી માટે પ્રોત્સાહન પુરું પાડયું હતું.

## આ વર્ષે પણ શહેરમાં તાજીયા જુલુસ નહીં નિકળે

### છાલાની દરગાહે ઉર્સ મુબારક પણ મોકુફ

ગાંધીનગર તાલુકાના છાલા ખાતેની સુપ્રસિદ્ધ હજરત શહીદ હસુદાદા ર.અ. ઔલિયાગિરીની દરગાહ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૮ અને ૧૯ ઓગસ્ટ દરમ્યાન યોજાનાર ઉર્સ મુબારકનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો છે. મલેક નિશાર એહમદ.એસએ જણાવ્યું હતું કે કોવિડ-૧૯ મહામારીની સ્થિતિમાં દરગાહ ખાતે યોજાનાર ઉર્સ મુબારકનો કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો હોવાથી ઉર્સ શરીફ માટે કોઈએ દરગાહ શરીફના પ્રાંગણમાં એકત્ર થવું નહીં તેવો આદેશ દરગાહ કમિટી દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

ગાંધીનગર તા.૧૮

ગાંધીનગરમાં કોરોના મહામારીને ધ્યાનમાં રાખી વખતે મોહર્મના દિવસે તાજીયા કે જુલુસ નહીં કાઢવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યારે દેશભરમાં કોરોના મહામારી ચાલી રહી છે અને તેમાં ગાઈડલાઈનનું પાલન કરવું જરૂરી છે. કોરોના મહામારીની ત્રીજી લહેરની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે જેના પગલે શહેરના મુસ્લિમ સમુદાય દ્વારા મોહર્મના તહેવારમાં સરકારના વહીવટી તંત્ર અને પોલીસને સાથ આપવાનો નિર્ણય કર્યો છે ત્યારે આ વર્ષે પણ મોહર્મ તહેવાર દરમ્યાન તાજીયાના જુલુસ નહીં કાઢવાનો નિર્ણય તાજીયા કમિટીએ લીધો છે તેવું સેક્ટર-૨૯ના મદીના મસ્જિદ કમિટીના પ્રમુખ યુનુસભાઈ પરમારે જણાવ્યું હતુ. તાજીયા કમિટી દ્વારા કોરોના મહામારી તેમજ સરકારની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી જુલુસ નહીં કાઢવાનો નિર્ણય જણાવ્યો હતો. જો કે અંતિ દિવસે તા.૨૦મી ઓગસ્ટના રોજ તાજીયાની ધાર્મિક વિધિ કરવાની છે તે કરી જુલુસ વગર જ વિસર્જિત કરાશે.

## EPSEZ એસોસિએશનમાં સ્વતંત્રતા દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૮



'આઝાદી કા અમૃત મહોત્સવ' થીમ હેઠળ KASEZ એ GIDC EPSEZ એસોસિએશન સાથે મળીને ધ્વજ વંદન કર્યું હતું જેમાં ગૌરવભાઈ (ચેરમેન)એ તમામ સહભાગીઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું. તથા રેડક્રોસ સોસાયટી સાથે ચાલી રહેલા કોરોના રોગચાળાને મદદ કરવા માટે રકતદાન શિબિરનું પણ આયોજન કરાયું હતું.

## આર.જી. પટેલ કન્યા વિદ્યાલય ખાતે રોટરી કલબના ઉપક્રમે 'છોટે કિસાન' કાર્યક્રમ



ગાંધીનગર, તા.૧૮

શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળાના મદાનમાં રોટરી કલબના સહયોગથી 'છોટે કિસાન' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાબા હરસોલિયા (કલબ પ્રેસીડન્ટ), નિતીનભાઈ પાદરીયા (ઈન્સ્ટીટયૂટ ઓફ એડવાન્સ રીસર્ચ), ડૉ. આર.એ. શેરસીયા (એગ્રીકલ્ચર નિવૃત્ત ઓફિસર), ડૉ. નીના ગનેશાબેન, ગીતેષભાઈ (આચાર્ય), સુપરવાઈઝર, કન્વીનરો તેમજ વિદ્યાર્થીનીઓએ હાજરી આપી હતી. ૩૦૦ કીટસ અને એન-૯૫ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થીનીઓને વિવિધ શાકભાજીના રોપાઓ, તેના બિયારણ, ઓર્ગેનિક નાના કુંડાનું વિતરણ કરી શાકભાજીના રોપા, બિયારણ વાવવા અંગે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન કામીનીબેન મહંતે કર્યું હતું.

## બેંક ઓફ ઈન્ડિયાની ગાંધીનગર ઝોનલ ઓફિસમાં સ્વતંત્રતા દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા.૧૮

બેંક ઓફ ઈન્ડિયાની ગાંધીનગર ઝોનલ ઓફિસમાં ૭૫મો સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવ્યો જેમાં ઝોનલ મેનેજર રવિ શંકરએ તમામ સ્ટાફ સભ્યો સાથે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. આ દિવસે સ્વતંત્રતા દિવસની ઉજવણી અંતર્ગત બેંક ઓફ ઈન્ડિયાના સ્ટાફ સભ્યોએ બેંકિંગ કાર્ય ઉપરાંતની તેમની પ્રતિભા રજૂ કરી હતી જેમાં દિવ્યાંગ કર્મચારી નિલેશ સોલંકીએ મધુર અવાજમાં ગીતો સંભળાવીને ઉપસ્થિત તમામ સ્ટાફ સભ્યોને મંત્રમુગ્ધ કર્યા હતા.

## સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સાઈકલ રેલીનું આયોજન

ગાંધીનગર, તા.૧૮

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવત્તિઓ વિભાગ હસ્તકના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની નિયંત્રણ હેઠળ ચાલતી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા તારીખ ૧૮ ઓગસ્ટના રોજ મહાત્મા મંદિરથી ૧૪ કિલોમીટરની સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાઈઓએ ભાગ લાધો હતો. આ સાયકલ રેલીનું આયોજન સિવિલ હોસ્પિટલ તથા ગાંધીનગર ટ્રાફિક પોલીસના સહયોગથી કરાયું હતું. આગામી ૨૧ ઓગસ્ટના રોજ મહાત્મા મંદિરથી બહેનોની સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગરની મહિલાઓ-યુવતીઓ આ રેલીમાં જોડાય તેમ સિનિયર કોચ દ્વારા અપીલ કરવામાં આવી છે.

## વોર્ડ નં. ૩ અને ૬ના ભાજપ મહિલા મોરચાના હોદ્દેદારોની નિમણુંક

ગાંધીનગર, તા.૧૮

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરના અધ્યક્ષ ઋચિર ભટ્ટ તેમજ મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષા ડૉ. દિપીકાબેન સરવડાના માર્ગદર્શન હેઠળ મહાનગર વોર્ડ નં. ૩ અને વોર્ડ નં. ૬ના મહિલા મોરચાના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી છે.

વોર્ડ નં. ૩ મહિલા મોરચાના પ્રમુખ તરીકે હિરલબેન ઝાલા, ઉપપ્રમુખ તરીકે અમીબેન પંચોલી, ચૈતન્યબેન તથા મહામંત્રી તરીકે રંજનબેન પટેલની નિમણુંક કરવામાં આવી છે જયારે વોર્ડ નં. ૬ મહિલા મોરચાના પ્રમુખ તરીકે મીનાબેન ગઢવી, ઉપપ્રમુખ તરીકે ભારતીબેન ડાભી, ઉષાબેન ચૌહાણ અને મહામંત્રી તરીકે યોગીનીબેન પટેલની નિમણુંક કરવામાં આવી છે.

## આજે ગ્રંથ લોકાર્પણ અને સર્જકોનું અભિવાદન યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા તારીખ ૧૯ ઓગસ્ટ ગુરુવારના રોજ બપોરે ૩ કલાકથી ૫ વાગ્યા સુધી નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે આ કાર્યક્રમ યોજાશે. જે સાહિત્યકાર રવજીભાઈ ગાબાણીના અધ્યક્ષ સ્થાને ગ્રંથ લોકાર્પણ અને અભિવાદન કરવામાં આવશે. કાર્યક્રમમાં વિવિધ પુસ્તકોનું લોકાર્પણ પણ કરવામાં આવશે. આ પ્રસંગે બાળ સાહિય રત્ન સન્માનનું પણ આયોજન કરાયું છે. તેથી રસ ધરાવતા સૌ સાહિત્યકારો, સર્જકો અને બાળકોને ઉપસ્થિત રહેવા સંસ્થાના અધ્યક્ષ નટવરભાઈ હેડાઉ અને મહાસચિવ લલિત કિશોર અગ્રવાલ દ્વારા નિમંત્રણ પાઠવ્યું છે.

### આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે 'સૌભાગ્ય બીંદી સુશોભન'ના હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે પવિત્રાના હિંડોળા યોજાશે.

## સરકારી વિજ્ઞાન કોલેજના વનસ્પતિશાસ્ત્ર વિભાગ અને ઈકો ક્લબના વિદ્યાર્થીઓએ નેચર કેમ્પમાં ભાગ લીધો



ગાંધીનગર, તા.૧૮

સરકારી વિજ્ઞાન કોલેજના વનસ્પતિશાસ્ત્ર વિભાગ અને ઈકો ક્લબ ના વિદ્યાર્થીઓએ સેરીનિટી લાયબ્રેરી અને બોટનીકલ ગાર્ડન, ભાટ, અમદાવાદ ખાતે નેચર કેમ્પમાં ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓને બર્ડ વોચિંગ, સ્પાઈડર વિશેની જાણકારી તથા મેડિસિનલ પ્લાન્ટનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતુ. વિદ્યાર્થીઓએ બટરફ્લાયની ડોક્યુમેન્ટરી ફિલ્મ નિહાળી તથા લાયબ્રેરીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેઓએ ગુજરાતના વનો તથા વાઈલ્ડ લાઈફને લગતા પુસ્તકો નિહાળ્યા હતા. અહીં તેઓને સીડ કન્ઝર્વેશન બેંક તથા હર્બેરીયમ વિશે પણ માહિતી પ્રાપ્ત થઈ. ઉપરાંત ગીર નેશનલ પાર્ક, એશિયાટિક લાયનનું મહત્વ, લુપ્ત થઈ ગયેલ પ્રાણીઓ જેવા કે ગીધ તથા લુપ્ત થવાના આરે આવેલ કચ્છ જિલ્લામાં આવેલ ગ્રેટ ઈન્ડીયન બસ્ટાર્ડ અભયારણ્ય તથા ઘુડખર અભયારણ્ય વિશેની માહિતી ઉપરાંત ગુજરાતના રાષ્ટ્રીય ઉદ્યાનો તથા અભયારણ્યો વિશેની માહિતી આપવામાં આવી હતી અને ફોરેસ્ટના કાયદાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ સાથે કેમ્પમાં વનસ્પતિશાત્ર વિભાગના કર્મચારી તથા ઈકો કલબના સભ્ય યજ્ઞેશભાઈ ચૌધરી તથા હીનાબેન આર્યએ બી. એસ. સી. સેમ-૫ના વનસ્પતિશાત્ર વિષયના વિદ્યાર્થીઓની ટીમનું સફળ નેતૃત્વ કર્યુ હતું. અંતે તેઓએ નેચર કેમ્પના સંચાલક મનિષભાઈ વૈદ્યનો આભાર વ્યકત કર્યો હતો. આ નેચર કેમ્પમાં વિદ્યાર્થીઓએ કોલેજના આચાર્ય ડૉ. એમ. જી. ભટ્ટની પ્રેરણાથી ભાગ લીધો હતો.

## કડવા પાટીદાર સમાજ દ્વારા શ્રધ્ધાંજલિ કાર્યક્રમ




ગાંધીનગર, તા.૧૮

ઉમિયા માતાજી સંસ્થાન, કડવા પાટીદાર સમાજ દ્વારા કોરોના સમયમાં અવસાન પામેલ ૧૦૦થી વધારે દિવંગત આત્માઓને શ્રધ્ધાંજલિ આપી હતી. આ કાર્યક્રમમાં પ્રમુખ, મહામંત્રી, હોદ્દેદારો, ભૂતપૂર્વ હોદ્દેદારો, દિવંગત આત્માના સ્નેહીજન, સમાજના અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને ઉજાગર કરવા માટે બીરેન પુરોહિત અને તેમની ટીમે શ્રધ્ધાંજલિ આપતા ભજનનું ગાન કર્યું હતું.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. દંતાણી સમુરબેન દલાભાઈ**, ઉ.વ. ૬૩, સે-૨૮, ચરેડી છાપરાં
- **સ્વ. ગોર વિજયકુમાર કુંજબિહારી**, ઉ.વ. ૭૦, થલતેજ, અમદાવાદ
- **સ્વ. દંતાણી હિરાબેન અમૃતભાઈ**, ઉ.વ. ૭૦, રૂપાલ

## જન્મદિને વધામણી



રાહુલ સુખડિયા
રાધે-રાધે ગૃપ



યોગેશ પ્રતાપરાય ત્રિવેદી
નાટ્ય-ફિલ્મ કલાકાર



ફેની બી પોપટ



શુભમ વાસુદેવ ત્રિવેદી
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨



ચાહના એન દવે
ચાહના ડાન્સ સ્ટુડિયો, વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર
મો. ૯૩૭૪૮ ૦૫૯૭૨



શ્રેયા નિતીન મેકવાન



મીત સધાની
મો. ૯૬૨૪૯ ૯૪૩૦૪



શિવન્યા કલ્પેશકુમાર પ્રજાપતિ
મો. ૯૫૪૩ ૯૫૨૭૦



શિવાંશ સંદિપભાઈ વ્યાસ